**તા.૨૯/૦૫/૨૦૨૩**

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાની બેઠક આજ તા.૨૯/૦૫/૨૦૨૩ ને સોમવારનાં રોજ બપોરનાં ૦૪=૦૦ કલાકે પેટલાદ નગરપાલિકા કાર્યાલયનાં સભાખંડમાં મળી જેમાં નક્કી કરેલ તારીખ અને સમયે નીચે જણાવેલ સભ્યશ્રીઓ હાજર રહ્યાં હતાં.

| | | |
|---|---|---|
| (૧) | શ્રીમતિ ગીતાબેન એ. પટેલ | પ્રમુખશ્રી |
| (૨) | શ્રી રમેશભાઇ આર. પરમાર | ઉપપ્રમુખશ્રી |
| (૩) | શ્રીમતિ દર્શનાબેન વિ. પટેલ | સભ્યશ્રી |
| (૪) | શ્રી નરેશકુમાર આર. તળપદા | ” |
| (૫) | શ્રી નિલેશભાઇ એસ. વાલ્મિક | ” |
| (૬) | શ્રીમતિ મનિષાબેન એમ. ચૌહાણ | ” |
| (૭) | શ્રીમતિ મિનાક્ષીબેન એમ. રાઠોડ | ” |
| (૮) | શ્રી પ્રવિણભાઇ કે. પરમાર | ” |
| (૯) | શ્રીમતિ ગીતાબેન જે. પરમાર | ” |
| (૧૦) | શ્રી ભાવિનકુમાર એમ. પટેલ | ” |
| (૧૧) | શ્રીમતિ જલ્પાબેન બી. શાહ | ” |
| (૧૨) | શ્રી કેતનકુમાર સી. ગાંધી | ” |
| (૧૩) | શ્રીમતિ ધરતીબેન જે. પટેલ | ” |
| (૧૪) | શ્રી સુનિલકુમાર એસ. પટેલ | ” |
| (૧૫) | શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ | ” |
| (૧૬) | શ્રીમતિ ભૌમીબેન પી. કાછીઆ | ” |
| (૧૭) | શ્રીમતિ વિશાલબેન એસ. સોની | ” |
| (૧૮) | શ્રી સાજીદભાઇ એમ. વ્હોરા | ” |
| (૧૯) | શ્રીમતિ કોકીલાબેન એ. તળપદા | ” |

આમ, ઉપર જણાવ્યા મુજબનાં સભ્યશ્રીઓની હાજરીથી આજની બેઠકનું જરૂરી કોરમ થતું હોવાથી બેઠકનું કામકાજ શરૂ કરવામાં આવ્યું. માન.પ્રમુખશ્રીએ સભાનું અધ્યક્ષ સ્થાન લેતાં બેઠકની કાર્યવાહી શરૂ કરવા અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

સૌપ્રથમ અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ નીચે જણાવ્યા મુજબનાં જરૂરી વિષય તરીકેનાં કામોની યાદી વંચાણમાં લીધી.

* જરૂરી વિષયનાં કામ :-

(૧) મ્યુનિ. સભ્ય શ્રીમતિ નિરલબેન પી. તળપદા, શ્રીમતિ અનીશાબાનુ એમ. પઠાણ, શ્રીમતિ શાહબાનુ આઇ. કાજી, શ્રી રીફાકતખાન એમ. પઠાણ, શ્રી આરીફખાન જે. પઠાણ, શ્રીમતિ દિપાલીબેન એચ. શાહ, શ્રી ગુલામદસ્તગીર એન. વ્હોરા, શ્રીમતિ નીદાબાનુ. વિ. મીરઝા., શ્રીમતિ રૂકસાર એ. મીરઝા., શ્રીમતિ બિસ્મીલ્લાબાનુ એમ. કાજી, શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજી, શ્રીમતિ દક્ષાબેન એમ. મકવાણા તથા શ્રી અસ્લમબેગ એ. મિરઝાનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ મંજુર કરવા બાબત.

ઉપર જણાવ્યા મુજબનાં જરૂરી વિષય તરીકેનાં કામની યાદી વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે ગ્રાહ્ય રાખવામાં આવ્યાં.

ત્યારબાદ આજની સભાનાં એજન્ડા ઉપરનાં કામો તેની કાર્યસૂચિનાં ક્રમાનુસાર હાથ ધરવા અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

**કામ નં. (૧) :** પેટલાદ નગરપાલિકાની ગત મળેલ સામાન્ય સભાનાં પ્રોસીડીગને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૧ / તા.૨૯/૫/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જલ્પાબેન બી. શાહ, શ્રીમતિ વિશાલબેન એસ. સોનીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભા ગત તા.૧૪/૦૩/૨૦૨૩ નાં રોજ મળેલ હતી. જે ગત મળેલ સામાન્ય સભામાં રજૂ થયેલ કામો પરત્વેનાં પસાર થયેલ ઠરાવ નં.૯૭ થી ૯૮ નાં ઠરાવો તથા તેનાં પ્રોસીડીગને વંચાણમાં લેતાં સર્વાનુમતે બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)

નોંધ:- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨)** : પેટલાદ નગરપાલિકાની કારોબારી સમિતિમાં પસાર થયેલ ઠરાવોને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૨ / તા.૨૯/૫/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ વિશાલબેન એસ. સોની, શ્રીમતિ જલ્પાબેન બી. શાહનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાની કારોબારી સમિતિમાં પસાર થયેલ ઠરાવોને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાની કારોબારી સમિતિની બેઠક ગત તા.૨૧/૦૪/૨૦૨૩ નાં રોજ મળેલ હતી. જે ગત મળેલ કારોબારી સમિતિની બેઠકમાં રજૂ થયેલ કામો પરત્વેનાં પસાર થયેલ ઠરાવ નં.૧ થી ૮ સુધીનાં ઠરાવો તથા તેનાં પ્રોસીડીગને વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩)** : કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે જાન્યુઆરી-૨૩ થી માહે માર્ચ-૨૩ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા બાબત.

**ઠરાવ નં. ૩ / તા.૨૯/૫/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી પ્રવિણભાઇ કે. પરમાર, શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે જાન્યુઆરી-૨૩ થી માહે માર્ચ-૨૩ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા બાબતે રજૂ થયેલ હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો નીચે જણાવેલ વિગતે તૈયાર થઇ આવેલ માહે જાન્યુઆરી-૨૩ થી માહે માર્ચ-૨૩ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૩ નાં રોજની ઉઘડતી સિલક | રૂા. | ૮,૪૮,૨૩,૭૦૮=૭૪ |
| માહે જાન્યુઆરી-૨૩ થી માહે માર્ચ-૨૩ સુધીની આવક | રૂા. | ૬,૨૨,૩૫,૦૩૪=૧૭ |
| કુલ | રૂા. | ૧૪,૭૦,૫૮,૭૪૨=૯૧ |
| માહે જાન્યુઆરી-૨૩ થી માહે માર્ચ-૨૩ સુધીનો ખર્ચ | રૂા. | ૪,૭૫,૩૦,૬૮૬=૦૦ |
| તા.૩૧/૦૩/૨૦૨૩ નાં રોજની બંધ સિલક | રૂા. | ૯,૯૫,૨૮,૦૫૬=૯૧ |

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૪)** : કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૨ થી માહે માર્ચ-૨૩ સુધીનો વાર્ષિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા બાબત.

**ઠરાવ નં. ૪ / તા.૨૯/૫/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી નરેશકુમાર આર. તળપદા, શ્રી નિલેશભાઇ એસ. વાલ્મિકના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૨ થી માહે માર્ચ-૨૩ સુધીનો વાર્ષિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા બાબતે રજૂ થયેલ હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો નીચે જણાવેલ

વિગતે તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૨ થી માહે માર્ચ-૨૩ સુધીનો વાર્ષિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| તા.૦૧/૦૪/૨૦૨૨ નાં રોજની ઉઘડતી સિલક | રૂા. | ૪,૯૪,૩૩,૫૪૫=૬૧ |
| માહ એપ્રિલ-૨૨ થી માહે માર્ચ-૨૩ સુધીની આવક | રૂા. | ૨૫,૫૮,૪૯,૧૫૫=૩૦ |
| કુલ | રૂા. | ૩૦,૫૨,૮૨,૭૦૦=૯૧ |
| માહે એપ્રિલ-૨૨ થી માહે માર્ચ-૨૩ સુધીનો ખર્ચ | રૂા. | ૨૦,૫૭,૫૪,૬૪૪=૦૦ |
| તા.૩૧/૦૩/૨૦૨૩ નાં રોજની બંધ સિલક | રૂા. | ૯,૯૫,૨૮,૦૫૬=૯૧ |

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૫)** : શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે જાન્યુઆરી-૨૩ થી માહે માર્ચ-૨૩ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા બાબત.

**ઠરાવ નં. ૫ / તા.૨૯/૫/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ મનિષાબેન એમ. ચૌહાણ, શ્રી નરેશકુમાર આર. તળપદાના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે જાન્યુઆરી-૨૩ થી માહે માર્ચ-૨૩ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા બાબતે રજૂ થયેલ હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે જાન્યુઆરી-૨૩ થી માહે માર્ચ-૨૩ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૬)** : શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૨ થી માહે માર્ચ-૨૩ સુધીનો વાર્ષિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા બાબત.

**ઠરાવ નં. ૬ / તા.૨૯/૫/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી નરેશકુમાર આર. તળપદા, શ્રીમતિ મનિષાબેન એમ. ચૌહાણના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૨ થી માહે માર્ચ-૨૩ સુધીનો વાર્ષિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા બાબતે રજૂ થયેલ હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૨ થી માહે માર્ચ-૨૩ સુધીનો વાર્ષિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૭)** : કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામની ફરજ બજાવતાં કર્મચારીઓને સુરક્ષા અને સલામતિનાં સાધનો આપવા બાબત.

**ઠરાવ નં. ૭ / તા.૨૯/૫/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી ભાવિનભાઇ એમ. પટેલ, શ્રીમતિ ભૌમિબેન પી. કાછીઆના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાQવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામની ફરજ બજાવતાં કર્મચારીઓને સુરક્ષા અને સલામતિનાં સાધનો આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની ફરજ બજાવતાં કર્મચારીઓને તેઓની સલામતિ અને સુરક્ષા માટેનાં જરૂરી સાધનો પુરા પાડવા સાથે અન્ય માંગણી કરતો પત્ર અધિકાર પ્રાપ્તિ કેન્દ્ર, પેટલાદનો આવેલ છે. જે આવેલ પત્રમાં જણાવેલ માંગણીઓ જોતાં સફાઇ કામદારની ફરજ બજાવતાં કર્મચારીઓને સલામતિ અને સુરક્ષા સાધનો આપવા ઉચિત જણાય છે. તેથી તેઓની જરૂર મુજબનાં સાધનો ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. અને તે અંગે થનાર ખર્ચ મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર બાબતે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આવેલ પત્રમાં જણાવેલ અન્ય માંગણીઓ બાબતે તેઓ સાથે બેઠક કરી જરૂરી પરામર્શને આધિન યોગ્ય કાર્યવાહી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માનનીય પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૮) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં દીવાબત્તી કર લાગુ કરવા બાબતે કરેલ ઘટતી કાર્યવાહીને આધિન મે.પ્રાદેશિક કમિશ્નરશ્રી, વડોદરાનાં આવેલ મંજુરી હુકમ અન્વયે દીવાબત્તી કર લાગુ કરવા કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૮ / તા.૨૯/૫/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી પ્રવિણભાઇ કે. પરમાર, શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં દીવાબત્તી કર લાગુ કરવા બાબતે કરેલ ઘટતી કાર્યવાહીને આધિન મે.પ્રાદેશિક કમિશ્નરશ્રી, વડોદરાનાં આવેલ મંજુરી હુકમ અન્વયે દીવાબત્તી કર લાગુ કરવા કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા દ્વારા સ્ટ્રીટ લાઇટનાં ખર્ચને પહોંચી વળવાનાં શુભાશયથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ તમામ મિલકતોમાં દીવાબત્તી કર લાગુ કરવા પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૦૫ તા.૨૪/૦૩/૨૦૨૨ થી ઠરાવ કરવામાં આવેલ હતો. આ બાબતે નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની વિવિધ કલમોની જોગવાઇઓને અનુસરી નિયમાનુસારની ઘટતી પ્રક્રિયા હાથ ધરી કારોબારી સમિતિનાં ઠરાવ નં.૫૭ તા.૦૭/૧૦/૨૦૨૨ થી કરેલ ઠરાવમાં દર નક્કી કરી દીવાબત્તી કર લાગુ કરવા ઠરાવ કરવામાં આવેલ હતો. જે સમગ્ર પ્રકરણ સહિત મે.પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓ, વડોદરા ઝોન, વડોદરા ખાતે દરખાસ્ત કરવામાં આવતાં આ કચેરી દ્વારા હુકમ ક્રમાંક : RCMVD / 0320 / 03 / 2023 Dt.11-04-2023 થી દીવાબત્તી કરનાં નિયમોને તથા નક્કી કરેલ દરને મંજુરી આપવામાં આવેલ છે. તે આધારે પેટલાદ નગરપાલિકા હદ બહાર આવેલ મિલકતો સિવાયની નગરપાલિકા હદમાં આવેલ તમામ મિલકતોમાં દીવાબત્તી કર લાગુ કરવાનો થતો હતો. જેથી સરકારશ્રીની સુચના અનુસાર પેટલાદ નગરપાલિકામાં આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના અમલમાં હોઇ ખાસ વળતર યોજના તા.૩૦/૦૬/૨૦૨૩ સુધી અમલમાં છે. તેથી સને ૨૦૨૩-૨૪ નાં માંગણાં બીલ તૈયાર કરી કરદાતાઓને આપવા તથા વળતર યોજનાની સમયમર્યાદાને ધ્યાને લઇ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતોમાં સને ૨૦૨૩-૨૪ ના શરૂ થતા નાણાંકીય વર્ષથી દીવાબત્તી કર લાગુ કરવા સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ માનનીય પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૯) :** ટાઉન પ્લાનિંગ કમીટીમાં પસાર થયેલ ઠરાવોને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૯ / તા.૨૯/૫/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ધરતીબેન જે. પટેલ, શ્રી નિલેશકુમાર એસ. વાલ્મિકના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

ટાઉન પ્લાનિંગ કમીટીમાં પસાર થયેલ ઠરાવોને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાની ટાઉન પ્લાનિંગ કમીટી (પેટલાદ વિસ્તાર વિકાસ સત્તા મંડળ)ની બેઠક ગત તા.૨૨/૦૨/૨૦૨૩ નાં રોજ મળેલ હતી. જે ગત મળેલ ટાઉન પ્લાનિંગ કમીટીની બેઠકમાં રજૂ થયેલ કામો પરત્વેનાં પસાર થયેલ ઠરાવ નં.૧ થી ૩ નાં ઠરાવો તથા તેનાં પ્રોસીડીગને વંચાણમાં લેતાં સર્વાનુમતે બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૦) :** પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદાર તરીકેની કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારીએ ગ્રેજયુઇટીની રકમ મેળવવા ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઇટી એકટ, ૧૯૭૨ હેઠળનાં કંટ્રોલીગ ઓથોરીટી, આણંદ સમક્ષ દાખલ કરેલ કેસ નં.૨૮/૨૦૨૨ પરત્વે આવેલ હુકમ બાબતે યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૦ / તા.૨૯/૫/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રી નિલેશભાઇ એસ. વાલ્મિકના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદાર તરીકેની કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારીએ ગ્રેજયુઇટીની રકમ મેળવવા ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઇટી એકટ, ૧૯૭૨ હેઠળનાં કંટ્રોલીગ ઓથોરીટી, આણંદ સમક્ષ દાખલ કરેલ કેસ નં.૨૮/૨૦૨૨ પરત્વે આવેલ હુકમ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની ફરજ બજાવતાં કર્મચારી શ્રી મનુભાઇ ખુશાલભાઇ જાદવ પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદાર તરીકે તા.૦૧/૦૪/૨૦૦૫ થી નિમણૂંક પામેલ અને તેઓની વયમર્યાદાના કારણે તા.૩૧/૦૩/૨૦૨૧ નાં રોજથી નિવૃત્ત થતાં ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો મુજબ નિયમાનુસાર તેમની નીકળતી ગ્રેજયુઇટીની રકમ રૂા.૨,૦૩,૩૯૪/- તા.૦૪/૦૬/૨૦૨૨ થી ચૂકવવામાં આવેલ છે.

પરંતુ તેઓ પેટલાદ નગરપાલિકામાં સને ૧૯૮૫ થી ફરજ બજાવતાં હોવાનુ એફીડેવીટ દ્વારા જણાવી આ સમયગાળાની ગ્રેજયુઇટીની રકમ ચૂકવવા બાબતે મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરી ખાતે ગ્રેજયુઇટી ચુકવણી અધિનિયમ, ૧૯૭૨ ની કલમ-૭ હેઠળ ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઇટી એકટ ૧૯૭૨ હેઠળનાં કંટ્રોલીગ ઓથોરિટી , આણંદ સમક્ષ જુના કેસ નં.૨૮/૨૦૨૨ થી દાદ માંગતી અપીલ દાખલ કરવામાં આવેલ હતી.

સદર બાબતે શ્રમ આયુકતશ્રીની કચેરીનાં હુકમ ક્રમાંક : મ.શ્ર.આ. / આણંદ / ગ્રે.હુ. / ૨૪૭૦ / ૨૦૨૩ તા.૧૭/૦૪/૨૦૨૩ થી અરજદાર શ્રી મનુભાઇ ખુશાલભાઇ જાદવ ને તેમની ગ્રેજયુઇટીની રકમ રૂા.૩,૨૪,૬૩૩/- તથા તેનાં ઉપર તા.૨૧/૦૪/૨૦૨૨ થી ચુકવવામાં આવે ત્યાં સુધીનું ૧૦% લેખે સાદા વ્યાજ સહિતની રકમ હુકમની તારીખથી દિન ૩૦ માં ચૂકવી આપવા હુકમ કરવામાં આવેલ છે.

ઉપરોકત બાબતો જોતાં અરજદાર શ્રી મનુભાઇ ખુશાલભાઇ જાદવ પેટલાદ નગરપાલિકામાં સને ૧૯૮૫ થી ફરજ બજાવતાં હતાં તેવા પુરાવા રજૂ કરી શકેલ નથી જે એફીડેવીટ દ્વારા જણાવેલ છે. બીજું સરકારશ્રીની વડી કચેરીઓ દ્વારા વખતો વખત મૌખિક રીતે જણાવ્યા આધારે નીચલી કોર્ટનાં આવેલ ચુકાદાઓ પર સીધે સીધે અસર ન આપી નગરપાલિકાઓએ વડી નામદાર અદાલતોમાં દાદ માંગવી જોઇએ. જેથી નગરપાલિકાઓને આર્થિક નુકશાન ન થાય. જે સમગ્ર હકીકત ધ્યાને લઇ શ્રમ આયુકતશ્રીની કચેરી દ્વારા કરવામાં આવેલ હુકમ પરત્વે નગરપાલિકાએ નામદાર સક્ષમ કોર્ટમાં દાદ માંગતી અપીલ દાખલ કરવી યોગ્ય જણાય છે. તેથી પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની ફરજ બજાવતાં કર્મચારી શ્રી મનુભાઇ ખુશાલભાઇ જાદવને ગ્રેજયુઇટીની વધારાની રકમ ચૂકવવા બાબતે શ્રમ આયુકતશ્રીની કચેરી દ્વારા કરવામાં આવેલ હુકમ બાબતે નામદાર સક્ષમ કોર્ટમાં અપીલ દાખલ કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે જરૂરી વકીલશ્રી રોકવા તથા આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માનનીય પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૧૧) :** પેટલાદ નગરપાલિકાની ઇ.પી.એફ. ની કામગીરી માટે કન્સલ્ટન્ટ રોકવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૧ / તા.૨૯/૫/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રી ભાવિનભાઇ એમ. પટેલના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાની ઇ.પી.એફ. ની કામગીરી માટે કન્સલ્ટન્ટ રોકવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં ફરજ બજાવતાં કર્મચારીઓનાં ઇપીએફ યોજનાની કામગીરી માટે અગાઉ શ્રી જીલ અનિલ ચૌધરી, અમદાવાદને કન્સલ્ટન્ટ તરીકે રોકવામાં આવેલ હતાં. જેઓની ઓફિસ અમદાવાદ ખાતે આવેલ હોઇ સામાન્ય કામ અને વારંવાર અમદાવાદ ખાતે જવું પડે છે. તેઓની કામગીરી સંતોષકારક છે. પરંતુ પેટલાદ નગરપાલિકાનાં આજુબાજુનાં નજીકનાં સેન્ટર અથવા સ્થાનિક જો કોઇ આવી કામગીરી કરતાં મળી આવે તો નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી કન્સલ્ટન્ટ તરીકે રોકવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માનનીય પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૨) :** પેટલાદ નગરપાલિકાનાં એકાઉન્ટ વિભાગનાં રોજબરોજના બીલો, જી.એસ.ટી. તથા ઇન્કમટેક્ષની કામગીરી અર્થે રોકવામાં આવેલ કન્સલ્ટન્ટનો કરાર રીન્યુ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૨ / તા.૨૯/૫/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ધરતીબેન જે. પટેલ, શ્રીમતિ ગીતાબેન જે. પરમારના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં એકાઉન્ટ વિભાગનાં રોજબરોજના બીલો, જી.એસ.ટી. તથા ઇન્કમટેક્ષની કામગીરી અર્થે રોકવામાં આવેલ કન્સલ્ટન્ટનો કરાર રીન્યુ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં રોજબરોજનાં એકાઉન્ટ વિભાગનાં બીલોની જીએસટીની કામગીરી તથા ઇન્કમટેક્ષની કામગીરી માટે શ્રી મોનિલ એકાઉન્ટીગ એન્ડ ટેક્ષ કન્સલ્ટન્સી, પેટલાદને સને ૨૦૨૨-૨૩ નાં નાણાંકીય વર્ષ માટે રોકવામાં આવેલ હતાં જેની અવધિ તા.૩૦/૦૩/૨૦૨૩ નાં રોજ પૂર્ણ થતી હોઇ આગામી વર્ષ માટે આ કામગીરી માટે કન્સલ્ટન્ટને રોકવાનાં થાય છે. સદર કામે શ્રી મોનિલ એકાઉન્ટીગ એન્ડ ટેક્ષ કન્સલ્ટન્સી, પેટલાદને સને ૨૦૨૧-૨૨ તથા સને ૨૦૨૨-૨૩ નાં નાણાંકીય વર્ષમાં રોકવામાં આવેલ હતાં આ સમયગાળા દરમ્યાન તેઓની કામગીરી સંતોષકારક જણાયેલ છે. જેથી ઘટતી કાર્યવાહી પાછળ સમય ન વેડફાય તેવા શુભાશયથી આગામી વર્ષ માટે પણ તેઓને રોકવા ઉચિત જણાય છે. તેથી પેટલાદ નગરપાલિકાનાં એકાઉન્ટ વિભાગનાં રોજબરોજના બીલો, જી.એસ.ટી. તથા ઇન્કમટેક્ષની કામગીરી અર્થે સને ૨૦૨૩-૨૪ માટે શ્રી મોનિલ એકાઉન્ટીગ એન્ડ ટેક્ષ કન્સલ્ટન્સી, પેટલાદને રોકવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. અને આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માનનીય પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૩) :** પેટલાદ નગરપાલિકાનાં સભ્ય શ્રીમતિ કાજલ કાશકુમાર પટેલ યાત્રા પ્રવાસે ગયેલ હોઇ તેઓની તા.૦૫/૦૫/૨૦૨૩ થી તા.૩૧/૦૫/૨૦૨૩ સુધીની રજા મંજુર કરવા આવેલ રજા રીપોર્ટ વંચાણમાં લઇ રજા મંજુર કરવા બાબત.

**ઠરાવ નં. ૧૩ / તા.૨૯/૫/૨૩**

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ભૌમિબેન પી. કાછીઆ, શ્રી ભાવિનભાઇ એમ. પટેલના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં સભ્ય શ્રીમતિ કાજલ કાશકુમાર પટેલ યાત્રા પ્રવાસે ગયેલ હોઇ તેઓની તા.૦૫/૦૫/૨૦૨૩ થી તા.૩૧/૦૫/૨૦૨૩ સુધીની રજા મંજુર કરવા આવેલ રજા રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં સભ્ય શ્રીમતિ કાજલ કાશકુમાર પટેલ યાત્રા પ્રવાસે ગયેલ હોઇ તા.૦૫/૦૫/૨૦૨૩ થી તા.૩૧/૦૫/૨૦૨૩ સુધી રજા મેળવવા તા.૦૧/૦૫/૨૦૨૩ થી પત્ર લખી જણાવેલ છે. જે આવેલ રજા રીપોર્ટ મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૪) :** સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ૧૫ માં નાણાંપંચ હેઠળ ટાઇડ ગ્રાન્ટની રકમમાંથી પીવાનાં પાણી માટે તથા સેનીટેશનનાં કામો કરવા ફંડની જોગવાઇ કરવા આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૪ / તા.૨૯/૫/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રીમતિ કોકીલાબેન એ. તળપદાના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ૧૫ માં નાણાંપંચ હેઠળ ટાઇડ ગ્રાન્ટની રકમમાંથી પીવાનાં પાણી માટે તથા સેનીટેશનનાં કામો કરવા ફંડની જોગવાઇ કરવા અંગેનો આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને ૧૫ મા નાણાંપંચની ટાઇડ સદર હેઠળની અંદાજીત રૂા.૧૨૫/- લાખની ગ્રાન્ટની રકમની પ્રતિ વર્ષ ફાળવણી કરવામાં આવે છે. જેમાં ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી ગાર્બેજ ફ્રી સીટીમાં સેનીટેશનનાં કામો માટે ૫૦% રકમ અને પીવાનાં પાણી માટેનાં કામો માટે ૫૦% રકમ વાપરવાની થાય છે. હાલમાં ગાર્બેજ ફ્રી સીટી અંતર્ગત ડોર ટુ ડોર કલેકશન માટે વાર્ષિક રૂા.૬૬.૦૦ લાખની જોગાવઇ કરવામાં આવેલ છે. અને બાકીનાં સેનીટેશનનાં કામોની નાણાંકીય જોગાવઇ કરવાની રહે છે. તેથી ૧૫ મા નાણાંપંચની ગ્રાન્ટ ફાળવણીની ગાઇડ લાઇન મુજબ પીવાનાં પાણી માટેની ટાઇડ ગ્રાન્ટની રકમ ગાર્બેજ ફ્રી સીટીમાં સેનીટેશનનાં કામો માટે જોગાવઇ કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને માનનીય પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૫) :** પેટલાદ નગરપાલિકા હસ્તકનું દવાખાનુ શ્રી કૃષ્ણ મેડીકલ હોસ્પિટલને સંચાલન કરવા આપવા બાબતે અગાઉ કરેલ કરારની અવધિ પૂર્ણ થતી હોઇ રીન્યુ કરવા બાબતે યોગ્ય તે નિર્ણય થવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૫ / તા.૨૯/૫/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રી પ્રવિણભાઇ કે. પરમારના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હસ્તકનું દવાખાનુ શ્રી કૃષ્ણ મેડીકલ હોસ્પિટલને સંચાલન કરવા આપવા બાબતે અગાઉ કરેલ કરારની અવધિ પૂર્ણ થતી હોઇ રીન્યુ કરવા બાબતે યોગ્ય તે નિર્ણય થવા અંગે આવેલ કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હસ્તકનું દવાખાનુ બંધ થતાં દવાખાનાવાળુ મકાન છેલ્લા ઘણાં વર્ષોથી બંધ હાલતમાં હતું જેથી નાગરિકોને રાહદ દરે સારવાર મળી રહે તેવા શુભાશયથી આ દવાખાનાવાળુ મકાન શ્રી કૃષ્ણ હોસ્પિટલને પેટલાદ નગલકાની સામાન્ય સભાનાં ઠરાવ નં. ૭૧ તા.૩૦/૧૨/૧૯૯૭ થી જરૂરી કરારને આધિન સંચાલન માટે આપવામાં આવેલ છે. અને આ કરાર સમયાંતરે રીન્યુ કરી સંચાલન કરવા માટે આપવામાં આવે છે. જેની મુદત તા.૧૯/૦૫/૨૦૨૩ નાં રોજથી પૂર્ણ થતી હોઇ તેને રીન્યુ કરવા તા.૧૦/૦૩/૨૦૨૩ થી એચ.એમ.પટેલ સેન્ટર ફોર મેડિકલ સેન્ટર એન્ડ એજ્યુકેશન, ગોકુલનગર, કરમસદ દ્વારા પત્ર લખી જણાવેલ છે. જે બાબતે જરૂરી ચર્ચા વિચારણાં કરવામાં આવી. પર્યાપ્ત ચર્ચા વિચારણાનાં અંતે

નાગરિકોનાં હિતમાં પેટલાદ નગરપાલિકા હસ્તકનાં દવાખાનાવાળુ મકાન શ્રી કૃષ્ણ હોસ્પિટલ, કરમસદ (એચ.એમ.પટેલ સેન્ટર ફોર મેડિકલ સેન્ટર એન્ડ એજ્યુકેશન, ગોકુલનગર, કરમસદ) સંસ્થાને સંચાલન કરવા આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે જરૂરી ભાડુ નક્કી કરવા તથા સમજુતિ કરાર કરવા અંગેની સત્તા માનનીય પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે. તથા આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માનનીય પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૬) :** સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવેલ ૧૫ મા નાણાંપંચ હેઠળ અનટાઇડની એસ.સી.એસ.પી સદર ની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી બુલાખીદાસ મીલની ચાલીમાં સી.સી. કરાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૬ / તા.૨૯/૫/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રી પ્રવિણભાઇ કે. પરમારના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવેલ ૧૫ મા નાણાંપંચ હેઠળ અનટાઇડની એસ.સી.એસ.પી સદર ની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી બુલાખીદાસ મીલની ચાલીમાં સી.સી. કરાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગરનાં દફતરી હુકમ ક્રમાંક : મફબ / યુ-ર / ૧૫ મું નાણાંપંચ / પ્રથમ હપ્તો (અનટાઇડ) / ૨૦૨૧-૨૨ /૧૧૬૧૮ તા.૧૭/૦૮/૨૦૨૧ થી પ્રથમ હપ્તાની અનટાઇડ ગ્રાન્ટના સામાન્ય સદરનાં રૂા.૪૧,૨૮,૭૧૪/- તથા એસસીએસપી સદર હેઠળ રૂા.૪,૧૮,૬૮૫/-મળી કુલ રકમ રૂા.૪૫,૪૭,૩૯૯/- અને દફતરી હુકમ ક્રમાંક : મફબ / યુ-ર / ૧૫ મું નાણાંપંચ / બીજો હપ્તો (અનટાઇડ) / ૨૦૨૧-૨૨ / ૪૭૪૭ તા.૨૯/૦૩/૨૦૨૩ થી બીજા હપ્તાની અનટાઇડ ગ્રાન્ટ (સ્થાનિક જરૂરિયાત મુજબનાં કામો માટે) ના સામાન્ય સદરનાં રૂા.૪૧,૫૨,૯૪૫/- તથા એસસીએસપી સદર હેઠળ રૂા.૫,૬૮,૪૧૮/- મળી કુલ રકમ રૂા.૪૭,૨૧,૩૬૩/- મળી કુલ એકંદરે રૂા.૯૨,૬૮,૭૯૬/- ની રકમની ૧૫ મા નાણાંપંચની અનટાઇડ હેઠળની ગ્રાન્ટની રકમોની ફાળવણી કરવામાં આવેલ છે. સદર ફાળવેલ ગ્રાન્ટની રકમમોમાંથી એસ.સી.એસ.પી.સદર હેઠળની રૂા.૯,૮૭,૧૦૩/- ની ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તાર બુલાખીદાસ મીલની ચાલીમાં નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી સીસી કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે તૈયાર થઇ આવેલ રૂા.૯,૭૨,૦૦૦/- નો અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માનનીય પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૭) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં જીયુડીસી દ્વારા એલ.સી.-૬૧ પાસે ઓવરબ્રીજ બનાવવાનું કામ શરૂ કરવામાં આવનાર હોઇ આ કામને સ્પર્શતી ડ્રેનેજ લાઇન, પાણી પૂરવઠા લાઇન, સૂએઝ લાઇન તથા સ્મશાનની કંપાઉન્ડ વોલ શીફ્ટ કરાવવાનાં કામે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૭ / તા.૨૯/૫/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રી નરેશકુમાર આર. તળપદાના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં જીયુડીસી દ્વારા એલ.સી.-૬૧ પાસે ઓવરબ્રીજ બનાવવાનું કામ શરૂ કરવામાં આવનાર હોઇ આ કામને સ્પર્શતી ડ્રેનેજ લાઇન, પાણી પૂરવઠા લાઇન, સૂએઝ લાઇન તથા સ્મશાનની કંપાઉન્ડ વોલ શીફ્ટ કરાવવાનાં કામે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તાર લક્કડપુરા પાસે આવેલ એલસી.૬૧ પર જીયુડીસી દ્વારા ઓવર બ્રીજ બનાવવાની

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ કામગીરીમાં પેટલાદ નગરપાલિકા સંચાલિત કૈલાસધામ પાસે આવેલ પંપીગ સ્ટેશનની કંપાઉન્ડ વોલ, ભૂગર્ભ ગટર યોજનાની રાઇઝીગ મેઇન પાઇપ લાઇન, સૂએઝ નેટવર્કની લાઇન તથા પાણી પૂરવઠાની પાઇપ લાઇનને સ્પર્શતા તેને આગોતરા આયોજનનાં ભાગરૂપે શીફ્ટ કરવી જરૂરી છે. તેથી આ શીફ્ટીગના કામે નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી કામગીરી કરાવાની થાય છે.સદર કામે (૧) સ્મશાન પંપીગ સ્ટેશનની કંપાઉન્ડ વોલ શીફ્ટીગ નાં રૂા.૮,૯૨,૯૦૦/- (૨) ભૂગર્ભ ગટર યોજનાની ડી.કે-૭ રાઇઝીગ મેઇન લાઇન શીફ્ટીગનાં રૂા.૫૨,૭૭,૩૦૦/- (૩) સૂએઝ નેટવર્કની લાઇન શીફ્ટીગનાં રૂા.૨૯,૦૮,૦૭૧/- તથા (૪) પાણી પૂરવઠાની લાઇન શીફ્ટીગ કરવાનાં કામે રૂા.૩,૮૭,૭૦૦/- નાં અંદાજીત ખર્ચ તૈયાર થઇ આવેલ છે જે જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામગીરી સમયમર્યાદામાં કરવાની થતી હોઇ અને જાહેર નિવિદા પાછળ અર્થહિન ખર્ચ અને સમય વેડફાય તેમ હોઇ પેટલાદ નગરપાલિકા દ્વારા આવી જ કામગીરી કરવાનાં કામે હાલમાં સ્ટેશનરોડ પર આવેલ L.C. નં. - ૨૯ માટે બે વાર ભાવ મંગાવવામાં આવેલ ભાવપત્રમાં મંજુર થયેલ એજન્સી શ્રી એચ.આર. મિસ્ત્રી એન્ડ સન્સ દ્વારા એસ.ઓ.આર. ભાવથી એટલે કે, અંદાજીત ખર્ચની રકમથી કામગીરી કરી આપવા લેખિતમાં જણાવેલ છે. જેથી કામગીરીની અગત્યતા તથા સમયમર્યાદાને ધ્યાને લેતાં ઉપરોકત કામગીરી શ્રી એચ.આર.મિસ્ત્રી એન્ડ સન્સ, પેટલાદ પાસેથી એસ.ઓ.આર. ભાવથી કરાવી લેવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ GUDC દ્વારા ફાળવવામાં આવેલ રકમ માંથી કરવા અને આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માનનીય પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૮) :** ગુજરાત નગરપાલિકા પરિષદમાં પેટલાદ નગરપાલિકા સભ્ય હોઇ ફાળો આપવા બાબતનો ખર્ચ મંજુર કરવા બાબત.

**ઠરાવ નં. ૧૮ / તા.૨૯/૫/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રી નિલેશભાઇ એસ. વાલ્મિકના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

ગુજરાત નગરપાલિકા પરિષદમાં પેટલાદ નગરપાલિકા સભ્ય હોઇ ફાળો આપવા બાબતનો ખર્ચ મંજુર કરવા બાબતનું કામ વંચાણમાં લીધું સારાસારનો વિચાર કરતાં ગુજરાત નગરપાલિકા પરિષદ, ગાંધીનગર એ ગુજરાત રાજયની નગરપાલિકાઓનું પ્રતિનિધિત્વ ધરાવે છે. રાજય સરકારશ્રીમાં નગરપાલિકાઓનાં પ્રશ્નોની રજૂઆત આ પરિષદ થકી કરી શકાય અને સમગ્ર નગરપાલિકાઓનું નેતૃત્વ કરતી સંસ્થા હોઇ નિરાકરણ વહેલી તકે લાવી શકાય છે. તેથી પેટલાદ નગરપાલિકા આ પરિષદનાં સભ્ય છે. જેથી પરિષદ દ્વારા લોકફાળો જમા કરાવવા જણાવવામાં આવતાં રૂા.૫૦,૦૦૦/- નો લોકફાળો આ પરિષદમાં જમા કરાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માનનીય પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૯) :** સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને રૂા.૪.૦૦ કરોડની આગવી ઓળખની ફાળવેલ ગ્રાન્ટમાંથી ટાઉન હોલનાં બાંધકામ કરવાનાં મંજુર થયેલ કામનાં રીવાઇઝ અંદાજો તૈયાર કરતાં ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ અન્ય ગ્રાન્ટની રકમમાંથી કરવા બાબતે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ મંજુર કરવા બાબત.

**ઠરાવ નં. ૧૯ / તા.૨૯/૫/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રીમતિ મિનાક્ષીબેન એમ. રાઠોડના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને રૂા.૪.૦૦ કરોડની આગવી ઓળખની ફાળવેલ ગ્રાન્ટમાંથી ટાઉન હોલનાં બાંધકામ કરવાનાં મંજુર થયેલ કામનાં રીવાઇઝ અંદાજો તૈયાર કરતાં ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા)વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

વધારાનો ખર્ચ અન્ય ગ્રાન્ટની રકમમાંથી કરવા બાબતે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ મંજુર કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આગવી ઓળખ હેઠળની રૂા.૪.૦૦ કરોડની ગ્રાન્ટની રકમની ફાળવણી કરવામાં આવેલ હતી. આ ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા સંચાલિત શ્રી કે.એમ.શાહ ગોળવાળા ટાઉનહોલનું નવિન બાંધકામ કરવા સામાન્ય સભામાં ઠરાવ કરી નક્કી કરવામાં આવેલ હતું. આ સમયે સને ૨૦૧૫-૧૬ નાં એસ.ઓ.આર. ભાવથી અંદાજો તૈયાર કરવામાં આવેલ હતાં. પરંતુ આ કામે તાંત્રિક મંજુરી મેળવવામાં વિલંબ થતાં  કામગીરી હાથ ધરવા ઓનલાઇન ભાવપત્રો મંગાવવામાં આવતાં વારંવાર પ્રયત્નો છતાં ખૂબ ઊંચા ભાવ અથવા એક પણ ભાવપત્ર ન આવતાં વર્તમાન બજારભાવ જોતાં સદર કામનાં રીવાઇઝ પ્લાન એસ્ટીમેટ તૈયાર કરવા કારોબારી સમિતિમાં ઠરાવ કરી નવેસરથી સને ૨૦૨૧-૨૨ નાં એસ.ઓ.આર. ભાવથી અંદાજીત ખર્ચ તૈયાર કરાવવામાં આવતાં કુલ ખર્ચ વધી રૂા.૬.૫૦ કરોડ થવા સંભવ છે. જેથી ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનાં ખર્ચનું આયોજન કરવાનું થાય છે. તેથી સરકારશ્રી દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજનાની ફાળવવામાં આવનાર ગ્રાન્ટની રકમમાંથી આ વધારાનો ખર્ચ કરવા ઠરાવવામાં આવે છે. તથા સદર કામે તૈયાર થઇ આવેલ અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માનનીય પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૦) :** પેટલાદ નગરપાલિકાની ડમ્પ સાઇટ ખાતેનાં લેગસી વેસ્ટનાં નિકાલ માટે સરકારશ્રી દ્વારા રૂા.૫૫,૪૪,૧૩૮/-ફાળવેલ છે. જેમાં નગરપાલિકાએ ઉમેરવાનો થતા ફાળાનાં રૂા.૧૧,૩૫,૫૪૬/- ની રકમનો ખર્ચ અન્ય ગ્રાન્ટની રકમમાંથી જોગવાઇ કરવા બાબતે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ મંજુર કરવા બાબત.

**ઠરાવ નં. ૨૦ / તા.૨૯/૫/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી સુનિલકુમાર એસ. પટેલ, શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાની ડમ્પ સાઇટ ખાતેનાં લેગસી વેસ્ટનાં નિકાલ માટે સરકારશ્રી દ્વારા રૂા.૫૫,૪૪,૧૩૮/-ફાળવેલ છે. જેમાં નગરપાલિકાએ ઉમેરવાના થતા ફાળાનાં રૂા.૧૧,૩૫,૫૪૬/- ની રકમનો ખર્ચ અન્ય ગ્રાન્ટની રકમમાંથી જોગવાઇ કરવા બાબતે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ મંજુર કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં સ્વચ્છ ભારત મિશન ૨.૦ હેઠળ રૂા.૬૬,૭૯,૬૮૪/- ની ગ્રાન્ટની રકમની ફાળવણી કરવામાં આવેલ છે. આ ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકાનાં સૂએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે નીકળતા લેગાસી વેસ્ટનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાનાં કામની દરખાસ્ત કરવામાં અવાતાં મે.પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરી, નગરપાલિકાઓ, વડોદારા ઝોન, વડોદરા દ્વારા તેઓની કચેરીનાં જા.નં.: પ્રા.ક. / પેટલાદ / SBM / લિગસી વેસ્ટ નિકાલ / વ.મં. ૨૧૯૦ તા.૧૪/૧૨/૨૦૨૨ થી સદર ફાળવેલ ગ્રાન્ટની રકમ પૈકી રૂા.૫૫,૪૪,૧૩૮/- નાં ખર્ચ કરવા વહીવટી મંજુરી આપેલ છે. તેથી બાકી રહેતાં રૂા.૧૧,૩૫,૫૪૬/- નાં ખર્ચનું આયોજન કરવાનું થાય છે. તેથી સરકારશ્રીનાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ ૧૫ માં નાણાંપંચની ગ્રાન્ટની રકમમાંથી આ ખર્ચ કરી શકાય તેમ હોઇ રૂા.૧૧,૩૫,૫૪૬/- નો ખર્ચ ૧૫ મા નાણાંપંચની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માનનીય પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૧) :** પેટલાદ નગરપાલિકાની વેબસાઇટમાં વપરાતાં વિવિધ સોફટવેરનાં વાર્ષિક મેન્ટેનન્સની કામગીરી સોંપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઇપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**ઠરાવ નં. ૨૧ / તા.૨૯/૫/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રી સુનિલકુમાર એસ. પટેલના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાની વેબસાઇટમાં વપરાતાં વિવિધ સોફટવેરનાં વાર્ષિક મેન્ટેનન્સની કામગીરી સોંપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં ઇ-ગવર્નન્સ અંતર્ગત જુદા જુદા વિભાગોની કામગીરીને અનુલક્ષીને પ્રોપર્ટી ટેક્ષ, મેરેજ રજીસ્ટ્રેશન, જન્મ-મરણ, વ્યવસાય વેરા, બી.પી.એલ. વિગેરે જેવા સોફટવેર જરૂરી કાર્યવાહી હાથ ધરી હિન્દુસ ઇન્ફોસીસ, અમદાવાદ પાસેથી ખરીદ કરવામાં આવેલ છે. આ સોફટવેરનાં વાર્ષિક મેન્ટેનન્સ માટે ગત વર્ષે હિન્દુસ ઇન્ફોસીસ, અમદાવાદને સામાન્ય સભાનાં ઠરાવ નં. ૭૮ / તા. ૧૩/૦૨/૨૦૨૩ થી ઠરાવ કરી કામગીરી સોંપવામાં આવેલ હતી. આ તમામ સોફટવેર તેઓ પાસેથી જ ખરીદ કરેલ હોઇ મેન્ટેનન્સ કામગીરી સરળતાથી થઇ શકે છે. વધુમાં સોફટવેર ખરીદ કર્યેથી ગત વર્ષ સુધી પ્રતિ વર્ષ આ એજન્સી પાસેથી આવી કામગીરી કરાવવામાં આવે છે. તેથી તેઓ અનુભવી અને જાણકાર પણ છે. તથા આ સમયગાળા દરમ્યાન તેઓની મેન્ટેનન્સની કામગીરી સંતોષકારક રહેલ છે. જે જોતાં આગામી નાણાંકીય વર્ષ માટે વાર્ષિક મેન્ટેનન્સની કામગીરી તેઓને સોંપવા હિતાવહ જણાય છે. પરંતુ સરકારશ્રીની સુચના અનુસાર ઇ-નગર યોજના અન્વયે આ તમામ પ્રોગ્રામ ઓનલાઇન પ્રક્રિયામાં તબદીલ કરવામાં આવનાર છે અને તે પૈકી જન્મ, મરણ અને લગ્ન નોંધણી એ ઓનલાઇન પ્રક્રિયા સાથે જોડવામાં પણ આવેલ છે. જેથી સરકારશ્રીની મળનાર આગામી સૂચના અન્વયે ઘરવેરા વિભાગની તથા અન્ય વિભાગોનાં મળી તમામ ડેટા એન્ટ્રી સરકારશ્રીનાં ઓનલાઇન સોફટવેર માટે તબદીલ કરી આપવાની શરતે અને તે કારણસર જે સોફટવેરનો ઉપયોગ બંધ થાય તેવા સંજોગોમાં તે દિવસથી મેન્ટેનન્સનો ખર્ચ બાદ કરી આપવાની શરતે પેટલાદ નગરપાલિકામાં આવેલ વિવિધ સોફટવેરની વાર્ષિક મેન્ટેનન્સની કામગીરી હિન્દુસ ઇન્ફોસીસ, અમદાવાદને નગરપાલિકાનાં હિતને ધ્યાને રાખી વખતોવખતનાં ઠરાવને આધિન ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૨૩-૨૪ ના વર્ષ માટે સોંપવા ઠરાવવામાં આવે છે. તથા તે અંગેનાં એકાઉન્ટીગ સીસ્ટમ મેન્ટેનન્સનાં કુલ આવેલ રૂા.૫૭,૦૨૦/-નો ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. અને ઓનલાઇન ડેટા એન્ટ્રી કરવામાં નિષ્ફળ જાય તો ખર્ચની રકમનાં ૫૦% ચૂકવવા અને જો સંપૂર્ણ માહિતી ઓનલાઇન ડેટા સરકારશ્રીનાં સોફટવેરમાં કરી આપે તો પૂરેપૂરી ખર્ચની રકમ ચૂકવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા માનનીય પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**જ.વિ.કામ (૧) નં.** : મ્યુનિ. સભ્ય શ્રીમતિ નિરલબેન પી. તળપદા, શ્રીમતિ અનીશાબાનુ એમ. પઠાણ, શ્રીમતિ શાહબાનુ આઇ. કાજી, શ્રી રીફાકતખાન એમ. પઠાણ, શ્રી આરીફખાન જે. પઠાણ, શ્રીમતિ દિપાલીબેન એચ. શાહ, શ્રી ગુલામદસ્તગીર એન. વ્હોરા, શ્રીમતિ નીદાબાનુ. વિ. મીરઝા., શ્રીમતિ રૂકસાર એ. મીરઝા., શ્રીમતિ બિસ્મીલ્લાબાનુ એમ. કાજી, શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજી, શ્રીમતિ દક્ષાબેન એમ. મકવાણા તથા શ્રી અસ્લમબેગ એ. મિરઝાનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ મંજુર કરવા બાબત.

**ઠરાવ નં. ૨૨ / તા.૨૯/૫/૨૩**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નિરલબેન પી. તળપદા, શ્રીમતિ અનીશાબાનુ એમ. પઠાણ, શ્રીમતિ શાહબાનુ આઇ. કાજી, શ્રી રીફાકતખાન એમ. પઠાણ, શ્રી આરીફખાન જે. પઠાણ, શ્રીમતિ દિપાલીબેન એચ. શાહ, શ્રી ગુલામદસ્તગીર એન. વ્હોરા, શ્રીમતિ નીદાબાનુ. વિ. મીરઝા., શ્રીમતિ રૂકસાર એ. મીરઝા., શ્રીમતિ બિસ્મીલ્લાબાનુ એમ. કાજી, શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજી, શ્રીમતિ દક્ષાબેન એમ. મકવાણા તથા શ્રી અસ્લમબેગ એ. મિરઝાનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

ઉપર જણાવ્યા મુજબનાં કામો પૂર્ણ કરી તે સિવાય અન્ય કોઇ કામકાજ ન હોવાથી અધ્યક્ષશ્રીએ આજની સભામાં ઉપસ્થિત સર્વે સભ્યશ્રીઓનો આભાર માની આજની બેઠકની કાર્યવાહી પૂર્ણ થયા અંગેની જાહેરાત કરી.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.